ઈન્ડોનેશિયા, વિયેતનામ, નાઈજીરિયા, તાન્ઝાનિયા, બાંગ્લાદેશ...


આ બધા દેશોનાં ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળો આજકાલ અમદાવાદ શહેરની મુલાકાત લઈ રહ્યાં છે. એટલું જ નહીં, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર આઈ.પી. ગૌતમ અને અમદાવાદની સેપ્ટ યુનિવર્સિટીના પ્રોફેસર શિવાનંદ સ્વામીને આજકાલ આંતરરાષ્ટ્રીય ફોરમની મીટિંગોમાં આવીને પ્રેઝન્ટેશન્સ આપવાનાં નિમંત્રણ પણ ખૂબ મળી રહ્યાં છે.

કારણ છે અમદાવાદનો બીઆરટીએસ-જનમાર્ગ પ્રોજેક્ટ (ચિત્રલેખાઃ ૬ સપ્ટેમ્બર, ૨૦૧૦).



બીઆરટીએસ પ્રોજેક્ટ

# લોકોએ જ કર્યું 'જનમાર્ગ'નું માર્કેટિંગ!



*ટ્રાયલ રન દરમિયાન ગુજરાતની અગ્રણી વ્યક્તિઓએ આ બસમાં પ્રવાસ કરીને પોતાનાં સૂચન આપ્યાં.*

હા, અમદાવાદનો આ બીઆરટીએસ પ્રોજેક્ટ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે શહેરી વિકાસના ખેરખાંઓનું ધ્યાન ખેંચી રહ્યો છે. એમાંય વળી આ પ્રોજેક્ટને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવૉર્ડ્સ પણ મળ્યા એટલે આ બધા દેશોના પ્રતિનિધિઓનેય થયું કે ચાલોને, જઈને જોઈએ તો ખરા કે આ જનમાર્ગનો મારગ કેવો છે?! નિષ્ણાતો માને છે કે આ પ્રોજેક્ટનું માર્કેટિંગ જ એટલી અસરકારક રીતે થયું છે કે એણે બધાનું ધ્યાન ખેંચ્યું છે.

વેલ, અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર આઈ.પી. ગૌતમ *ચિત્રલેખા*ને કહે છેઃ 'અમે જનમાર્ગ પ્રોજેક્ટને શરૂઆતથી જ સંપૂર્ણપણે *પીપલ ફ્રેન્ડલી* એટલે કે લોકોને અનુકૂળ હોય એવી રીતે અમલમાં મૂકવાનો પ્રયત્ન કર્યો છે. પરિણામે લોકોએ જ આ પ્રોજેક્ટનું અસરકારક માર્કેટિંગ કર્યું છે.'

જેમ કે શરૂઆતના તબક્કામાં ૫૮ કિલોમીટરના કોરીડોરને મંજૂરી મળી હતી, પણ કૉર્પોરેશને ફક્ત ૧૨.૫ કિલોમીટર લાંબો કોરીડોર બનાવીને ટ્રાયલ રન માટે ખુલ્લો મૂક્યો. લોકોનાં સૂચન મગાવ્યાં. માત્ર મગાવ્યાં જ નહીં, લોકોના અનુભવ પણ ધ્યાનમાં લીધા. આ પ્રોજેક્ટ માટે કોલમ્બિયાના બગોટા શહેરમાં ચાલતી બીઆરટીએસ સેવાનું મૉડેલ અપનાવવામાં આવ્યું છે, પણ એમાં સ્થાનિક લોકો અને આ ક્ષેત્રના નિષ્ણાતોનાં સૂચન લઈને અહીંની જરૂરિયાત પ્રમાણે ફેરફાર પણ કર્યા છે. શરૂઆતમાં એક બસસ્ટેન્ડ બગોટાના મૉડેલ પ્રમાણે સ્ટીલ મટીરિયલમાંથી બનાવવામાં આવ્યું, પરંતુ અમદાવાદ અને બગોટાના સરેરાશ તાપમાનને ધ્યાનમાં લેતાં અમુક ફેરફાર કરવાનાં સૂચન મળ્યાં એટલે કૉન્ક્રીટનો પણ ઉપયોગ કરવામાં આવ્યો.

અરે, જનમાર્ગ માટે બસ ઑપરેટરને કૉન્ટ્રાક્ટ આપવાનો હતો ત્યારે જે છ પાર્ટીએ ટેન્ડર ભરવામાં રસ દાખવ્યો હતો એ પાર્ટીને કૉર્પોરેશને સૂચન કર્યું કે *ટેન્ડર ભરતાં પહેલાં બગોટા જઈને જોઈ આવો કે બસની ડિઝાઈન કેવી છે અને બસ કેવી રીતે ચાલે છે!* આ છએ છ પાર્ટી બગોટા જઈને પરત આવી પછી બે પાર્ટીએ તો સામેથી જ ટેન્ડર ભરવાની ના પાડીઃ *આપણું કામ નહીં!*

જો કે બીઆરટીએસ સેવાને લોકોના સૌથી વધુ ફીડબૅક મળ્યા ત્રણ મહિનાની ટ્રાયલ રનથી. ઑક્ટોબર, ૨૦૦૯માં જનમાર્ગનું વિધિસર રીતે ઉદ્ઘાટન થયું એ પહેલાં લગભગ ત્રણેક મહિના સુધી ફ્રી બસ ચલાવવામાં આવી. આ ટ્રાયલ રન દરમિયાન ગુજરાતનાં જાણીતાં ઉદ્યોગગૃહોના વડાઓ ગૌતમ અદાણી, પંકજ પટેલ, સંજય લાલભાઈ, પરિમલ નથવાણી સહિતના અનેક જાણીતા અગ્રણીઓ, વિવિધ ધર્મના વડાઓ, વિવિધ ક્ષેત્રના અગ્રણી નાગરિકો અને સિનિયર સિટિઝનોને પણ જનમાર્ગમાં સફર કરાવડાવી. ગુજરાતના મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદીએ પણ આ બસમાં મુસાફરી કરી. એ લોકોનાંય વાંધા-સૂચન મળ્યાં, જ્યાં એનો યોગ્ય અમલ કરવા જેવો હતો ત્યાં અમલ પણ કર્યો. સરવાળે થયું એવું કે બધા લોકોનું ધ્યાન એના તરફ ખેંચાયું. આમ આદમીથી માંડીને શહેરી વિકાસ અને પબ્લિક ટ્રાન્સપોર્ટના નિષ્ણાતો અને રાજકીય પક્ષના અગ્રણીઓ સુધી એની ચર્ચા ચાલી એના કારણે જનમાર્ગને અઢળક પ્રસિદ્ધિ મળી. જનમાર્ગની ડિઝાઈન બનાવનારા સેપ્ટના પ્રોફેસર શિવાનંદ સ્વામી કહે છે એમ આજે એશિયામાં બીઆરટીએસ સિસ્ટમ સમજવા માટે અમદાવાદ જનમાર્ગ મૉડેલ બની ચૂક્યો છે.

જો કે પ્રોફેસર સ્વામી એક રસપ્રદ અવલોકન કરતાં કહે છે એમ અખબારોએ અને અન્ય માધ્યમોએ એને સારી-નરસી પુષ્કળ પ્રસિદ્ધિ આપી છે. એના કારણે ફાયદો એ થયો કે બીઆરટીએસની ખામીઓ અંગે થઈ રહેલી ટીકાઓના કારણે કદાચ એ ખામીઓ પહેલેથી જ સુધારી લેવામાં આવી!

■ **કેતન** ત્રિવેદી (અમદાવાદ)


**નવી દિલ્હીસ્થિત સેન્ટર ફૉર સાયન્સ ઍન્ડ એન્વાયર્નમેન્ટની જેએનએનયુઆરએમ ફેલોશિપ અંતર્ગત તૈયાર થયેલો અહેવાલ**



Chitralekha - 13/9/2010



ડ્રો સિસ્ટમથી ઘર આપ્યાં પછી શ્રમિકોને ત્યાં વસાવવા ઉપરાંત નવા ઘરમાં રહેવા ગયા ત્યારે ભોજનસમારંભ પણ યોજ્યા!





સુરત મ્યુનિસિપલ કમિશનર એસ. અપર્ણા કહે છે: માત્ર જગ્યા ફાળવવાથી કામ પૂરું નથી થતું... ત્યાં વસનારા શ્રમિક પરિવારોને યોગ્ય વાતાવરણ મળે એ માટે પણ પ્રયત્ન કરીએ છીએ...

કરવામાં આવ્યા છે. આ પૈકી શહેરની ઝૂંપડપટ્ટીઓમાં વસતા શ્રમજીવીઓ માટે રૂપિયા ૬૧૦.૭૩ કરોડના ખર્ચે ૪૪,૦૭૨ મકાન બાંધવાનાં છે. કોર્પોરેશનના એન્જિનિયર ડી.એમ. પટેલ કહે છે એમ એમાંથી અત્યારે કોસાડ અને અન્ય વસાહતોમાં પચ્ચીસેક હજાર આવાસ તૈયાર થઈ ચૂક્યા છે અને ૧૨,૦૦૦ ગરીબ પરિવારને ત્યાં મોકલી દેવામાં આવ્યા છે. અંદાજે દોઢેક લાખના ખર્ચે તૈયાર થયેલું એક મકાન ગરીબ પરિવારને ફક્ત પાંત્રીસ હજાર રૂપિયામાં આપવામાં આવ્યું છે. તાપીના પટમાં આવેલી બાપુનગર અને સુભાષનગર સહિત અઢાર ઝૂંપડપટ્ટી સંપૂર્ણપણે નાબૂદ કરી દેવામાં આવી છે.

ઠીક છે, ગરીબ પરિવારોને આવાસ ફાળવવાની વાત નવી નથી. ઝૂંપડપટ્ટીમાં રહેતા પરિવારોના પુનર્વસનનું કામ દરેક મહાનગરોમાં થાય જ છે તો પછી સુરતમાં નવું શું છે એવો સવાલ આ તબક્કે કોઈને થાય એ સ્વાભાવિક છે.

જો કે એ સવાલનો જવાબ સુરતનાં મ્યુનિસિપલ કમિશનર એસ. અપર્ણા સરસ રીતે આપતાં કહે છે: 'અમે આખાય પ્રોજેક્ટમાં માનવીય અભિગમ દાખવ્યો છે. અમારી પ્રાથમિકતા ફક્ત મોંઘી જમીન પરથી ઝૂંપડાં હટાવીને ગરીબોને કોઈ પણ જગ્યાએ મકાનો ફાળવી દેવાની જ નહોતી, પરંતુ શ્રમજીવી પરિવારોને રહેવા માટે સારું વાતાવરણ મળે અને સારી સુવિધા મળે એ માટે અમે તમામ પ્રયત્ન કર્યા છે. છેવટે આ શહેરના વિકાસમાં એમનું પણ યોગદાન છે જ ને?'

આ રીતે જોઈએ તો મ્યુનિસિપલ કોર્પોરેશને ઘણી નવી પહેલ કરી છે. ઉદાહરણ તરીકે, ઝૂંપડાંમાં રહેતા પરિવારોને રહેઠાણના પુરાવા રજૂ કરવા પડે એ બાબતમાં તંત્રએ સામે ચાલીને કાળજી લીધી અને ઉદારતા દાખવી. આઠથી વધારે વ્યક્તિનો પરિવાર હોય અને ઘરમાં પરિણીત પુત્રો હોય તો એ પરિવારને બે મકાન ફાળવ્યાં. ઘરમાં કોઈ વ્યક્તિ અપંગ હોય એ પરિવારોને ગ્રાઉન્ડ ફ્લોર પર જ મકાન ફાળવ્યાં. મકાનની ફાળવણી પણ ડ્રો સિસ્ટમથી કરવામાં આવી એટલે પારદર્શિતા આવી.

અરે, આ પરિવારોને નવા મકાનમાં રહેવા જવા માટે સામાનની હેરફેરની સગવડ પણ કોર્પોરેશને જ કરી આપી. એટલું જ નહીં, નવા ઘરમાં રહેવા જવાનો ઉત્સવ મનાવવા પાલિકા તરફથી બપોરે ભોજનસમારંભો પણ યોજાય છે! શિફ્ટિંગ અગાઉ ઝૂંપડાંમાંથી કાટમાળ લઈ જવાની-વેચવાની પણ એમને છૂટ. પરિવારનાં બાળકોની નવી જગ્યાએ સ્કૂલમાં નોંધણી પણ કરાવી આપી. સૌથી મજાની વાત એ છે કે પાલિકાએ દરેક ઘરમાં માલિક તરીકે પુરુષની સાથે ઘરની સ્ત્રીનું નામ પણ ફરજિયાત નોંધાવવાનો આગ્રહ રાખ્યો છે. શ્રમજીવી પરિવારોમાં પુરુષોની કુટેવોને ધ્યાનમાં રાખીને સ્ત્રીને પણ એના હક્કો મળે એ માટે આ પગલું લેવામાં આવ્યું. વધારાનો આ બધો જ ખર્ચ પાલિકા ભોગવે છે.

અલબત્ત, આ સહેલું કામ નહોતું. શરૂઆતના તબક્કામાં અવરોધોય આવ્યા. અમુક પરિવારો શિફ્ટ થવા તૈયાર નહોતા એ અદાલતમાંય ગયા, પરંતુ અદાલતે કોર્પોરેશનના અભિગમને યથાર્થ ઠરાવ્યો.

એ સિવાય પણ જ્યાં નવાં મકાન બાંધ્યાં છે ત્યાં ચોમાસામાં પાણી ભરાઈ જવાં, કોન્ટ્રાક્ટરોએ સમયમર્યાદામાં કામ પૂરું ન કર્યું હોય, ગરીબોના છૂટાછવાયા પ્રશ્નો ટલ્લે ચડ્યા હોય એ પ્રકારની ફરિયાદો પણ ઊઠી છે. સરકારી તંત્રમાં જે પ્રશ્નો સર્જાય એ પ્રશ્નો અહીં પણ સર્જાય છે.

સૌથી વધારે મહત્ત્વની વાત તૈયાર થયેલી વસાહતોમાં ગંદકી અને રહેણીકરણીની છે. પાલિકાએ આ વસાહતોમાં પાણી, ગટર, વીજળી, આંગણવાડી અને સ્કૂલની સુવિધા મળે અને શ્રમજીવીઓ કોલોનીનો વહીવટ જાતે જ સંભાળી શકે એ માટે રેસિડન્ટ વેલ્ફેર એસોસિયેશન બનાવવાનો નવો પ્રયોગ તો કર્યો જ છે, પણ હજુ એ સફળ થયો લાગતો નથી. અહીં પણ ઝૂંપડપટ્ટી જેટલી જ ગંદકીના અને બીજા પ્રશ્નો યથાવત્ છે. જો કે કોર્પોરેશનના અધિકારી યોગ્ય રીતે જ કહે છે એમ આ શ્રમજીવી પરિવારોને ફક્ત મકાનો આપી દેવાથી એમના પ્રશ્નો હલ નથી થતા. સવાલ એમની જીવનશૈલી અર્થાત્ રહેણીકરણીમાં બદલાવ લાવવાનો છે અને આ કામ ફક્ત એમનામાં શિક્ષણનું પ્રમાણ વધે અને જાગૃતિ આવે તો જ થઈ શકે!

■ *તસવીરો:* **કેતન ત્રિવેદી**

નવી દિલ્હીસ્થિત સેન્ટર ફૉર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટની જેએનએનયુઆરએમ ફેલોશિપ અંતર્ગત તૈયાર કરવામાં આવેલો અહેવાલ.

feedback2ketan.t@chitralekha.com